Karani's Translation Series.

A GUIDE
TO
ROYAL READER No. 1

CONTAINING

ALL THE WORDS OCCURRING IN THE BOOK WITH THEIR PRONUNCIATION AND GUJARATI MEANING & A LITERAL TRANSLATION OF THE FIRST PART & THE FIRST TEN LESSONS OF THE SECOND & THREE OF THE THIRD AND A FREE TRANSLATION OF THE REST OF THE SECOND & THIRD PARTS.

THIRD EDITION.

THOROUGHLY REVISED & ENLARGED.

2028

Registered under Act XXV. of 1867.

2020

Bombay:

ERACHSHAH KARANI & Co.,

BOOK-SELLERS AND PUBLISHERS, 33, DHOBI TALAO;

JEHANGIR BEJANJI KARANI,

PUBLISHER & BOOK-SELLER,

NO 18, PARSI BAZAR STREET, FORT.

Price 6 Annas.

We beg to tender our best thanks to the appreciating public for the patronage afforded to the two previous editions. We here beg to state that no pains have been spared to make this edition a really helpful work to the young learners. A free translation of the portions of the second and the third parts has been given to enable the learners to correct their own translation by comparing it with that in the book.

February 1884.

E. K. & Co.

J. B. K.

2020



BOMBAY:

PRINTED BY N. R. RÁNINÁ AT THE UNION PRESS.

1884.

Karani's Translation Series.

A GUIDE

TO

ROYAL READER No. 1

CONTAINING

ALL THE WORDS OCCURRING IN THE BOOK WITH THEIR PRONUNCIATION AND GUJARATI MEANING & A LITERAL TRANSLATION OF THE FIRST PART & THE FIRST TEN LESSONS OF THE SECOND & THREE OF THE THIRD AND A FREE TRANSLATION OF THE REST OF THE SECOND & THIRD PARTS.

THIRD EDITION.

THOROUGHLY REVISED & ENLARGED.

Registered under Act XXV. of 1867.

Bombay:

ERACHSHAH KARANI & Co.,

BOOK-SELLERS AND PUBLISHERS, 33, DHOBI TALAO;

JEHANGIR BEJANJI KARANI,

No. 18, PARSI BAZAR STREET, FORT.

Price 6 Annas.

૨૦૨૭

PART I. પેહેલો ભાગ.

THE SEE–SAW હીંચકો.

See-saw, *s.* (સી સૉ) ઉંચાનિચા હીચવાનો ચીચવો; હીંચકો.
Look, *v.* (લુક) જો.
Air, *s.* (એઅર) હવા, વાયુ.
See, *v.* (સી) જુઓ.
Let-go (લેટ ગો) છુટા મુકુંછું.
Yet, *ad.* (યત) તોપણ.
Fall, *v.* (ફૉલ) પડવું.
Now, *ad.* (નાઉ) હમણા.
John, *s.* (જૉન) જૉન.
Try, *v.* (ત્રાઇ) તજવીજ કર.
Care, *s.* (કેર) સંભાળ.
Hold, *v.* (હોલ્ડ) પકડ.
Fast, *a.* (ફાસ્ત) મજબુત.
Fun, *s.* (ફન) ગમત.
To ride, *v.* (રાઇડ) ઘોડા કરવાને.
You, *pro.* (યૂ) તું, તમે.

Look at me મારી ગમ જો! I am up હું ઉંચે જાઉં છું in the air હવામાં. See જો, I let go હું છુટા મુકુંછું both hands બેઉ હાથ, and yet અને તોપણ I do not fall હું પડતો નથી.

Now હવે, John જૉન, do you try તું તજવીજ કર. You go up તું ઉપર જાયછે and ને I go down હું નીચે જાઉંછું.

Take care, તપાસજે, and અને hold fast મજબુત ધરજે while જ્યારે you are up તું ઉંચે જાય in the air હવામાં.

See-saw! હીંચકો! Up and down ઉપર અને નીચે. It is great fun બહુ મઝા પડેછે, to ride ઘોડા કરવાની, on the see-saw હીંચકા ઉપર.

——o——

The Cat on the Tree ઝાડપરની બિલાડી.

Look at, *v.* (લુક ઍટ) જુઓ.
That, *a.* (ધૅટ) પેલો.
High up, (હાઈ અપ) છેક ઉપર.
Good, *a.* (ગુડ) સારી.
Cats, *s.* (કૅટસ) બિલાડીઓ.
Stay, *v.* (સ્તે) રહેછે.
House, *s.* (હાઉસ) ઘર.
They, *pro.* (ધે) તેઓ.
Catch, *v.* (કૅચ) પકડેછે.
Mice, *s.* (માઇસ) ઉંદરો.
Rats, *s.* (રૅટસ) ઘુસો, મોટા ઉંદરો.
This, *a.* (ધિસ) આ.

Climbs, *v.* (ક્લાઇમ્ઝ) ચડેછે.
Trees, *s.* (ત્રીઝ) ઝાડો.
Kills, *v* (કિલ્સ) મારી નાંખેછે.
Eats, *v.* (ઇટસ) ખાઈ જાયછે.
wild, *a.* (ઉવાઇલ્ડ) જંગલી.
Live, *v.* (લિવ) રહેછે.
Woods, *s.* (ઉડઝ) જંગલો.
Spends, *v.* (સ્પેન્ડઝ) કાઢેછે.
Most, *a.* (મોસ્ટ) ઘણોખરો.
Time, *s.* (ટાઇમ) વખત.
Birds, *s.* (બર્ડઝ) પક્ષિઓ.
Robs, *v.* (રૉબસ) લુટી લેછે.

Look at that cat પેલી બિલાડી જુઓ high up છેક ઊંચે on the tree ઝાડ ઉપર.

Good cats સારી બિલાડીઓ stay in the house ઘરમાં બેસી રહેછે. They catch તેઓ પકડેછે mice and rats ઉંદરો અને ઘુસો.

But this cat પણ આ બિલાડી climbs trees ઝાડોપર ચડેછે to catch birds પક્ષિઓને પકડવા. It kills તે મારી નાંખેછે, and eats them અને તેમને ખાઈ જાયછે.

There are wild cats જંગલી બિલાડીઓ હોયછે, which live જે વસેછે in the woods જંગલોમાં. They spend તેઓ કાઢે છે most of their time તેમનો ઘણો ખરો વખત on trees ઝાડોપર, where જ્યાં they catch birds તેઓ પક્ષિઓને પકડેછે and અને rob their nests તેમના માળા લુટી લેછે. This cat is આ બીલાડી છે like one of them તેઓમાંની એકના જેવી.

THE BIRD'S SONG પક્ષિનું ગીત.

Sits, *v.* (સિટ્સ) બેસેછે.
Branch, *s.* (બ્રૅન્ચ) ડાળી, ડાંખળી.
Near, *a.* (નીઅર) નજદીક.
Hark, *v.* (હાર્ક) સાંભળો.
Hear, *v.* (હીઅર) સાંભળવું.
How, *ad.* (હાઉ) કેવું.
Sweet, *a.* (સ્વીટ) મધુર.
Swings, *v.* (સ્વિંગસ) ડોળા ખાયછે, ઝોકા ખાયછે.
To & fro, આમ તેમ.
Still, *ad.* (સ્ટિલ) તોપણ.
Sings on, *v.* (સિંગસ ઑન) ગાયા કરેછે.
Fear, *v.* (ફિઅર) ધાસ્તી રાખેછે.
For, *conj.* (ફૉર) કારણ કે.
Knows, *v.* (નોઝ) જાણેછે.
Wings, *s* (વિંગઝ) પાંખો.
Song, *s.* (સૉંગ) ગીત.
Cares, *v.* (કેર્સ) સંભાળ લેછે.
Day, *s.* (ડે) દહાડો.
Strong, *a.* (સ્ટ્રૉંગ) જોરાવર.
Right, *a.* (રાઇટ) જમણો.
Arm, *s.* (આર્મ) હાથ.
Keeps, *v.* (કીપ્સ) સંભાળેછે.
Harm, *s.* (હાર્મ) સંકટ.

Look જુઓ at that bird પેલું પક્ષિ. It sits તે બેઠું છે on the branch ડાળી પર of a tree (એક) ઝાડની near its nest પોતાના માળાની નજદીક. Hark! સાંભળો! do you hear તમે સાંભળો છો? its song તેનું ગીત. How sweet કેવું મધુર! it is તે છે.

The branch swings ડાંખળી ઝોકા ખાયછે to and fro આમ તેમ in the air હવામાં but still પણ તોપણ the bird sings on તે પક્ષિ ગાયાજ કરેછે.

It does not fear તે બિહતું નથી that કે it will fall તે પડી જશે for it knows કારણ કે તે જાણે છે it has wings (કે) તેને પાંખો છે.

Sing ગા, bird પક્ષિ sing a song એક ગીત ગા to me મારી આગળ; One there is એકજ (સાહેબ) છે who cares for thee જે તારી

સંભાળ લેછે. Day by day દરરોજ His strong right arm તેનો જોરાવર જમનો હાથ Keeps both બેઉને સંભાળે છે thee and me તુને અને મને from harm સંકટમાંથી.

---o---

THE OLD MAN AND THE DOG બુઢો માણસ અને કુતરો.

Poor, *a.* (પુઅર) ગરીબ.
Old, *a.* (ઓલ્ડ) બુઢો.
Side, *s.* (સાઈડ) બાજુ.
Road, *s.* (રોદ) રસ્તો.
Long, *a.* (લૉંગ) લાંબી.
Way, *s.* (વે) મંજલ.
Wants, *v.* (વૉન્ટ્સ) ગરજ છે.
Rest, *s.* (રેસ્ત) આરામ; આરામયરા.
Food, *s.* (ફુદ) ખોરાક.
Come, *v.* (કમ) આવ.
Take, *v.* (તેક) લે.
Some, *a.* (સમ) કંઈ; થોડી.
Bread, *s.* (બ્રેડ) રોટલી; ભાકરી.
Meat, *s.* (મીત) માંસ.
Bag, *s.* (બૅગ) ઝોલી.
Waits, *v.* (વેટ્સ) જોતી રહેછે.
Share, *s.* (શૅર) ભાગ.
Bit, *s.* (બિટ) કકડો.
Once, *ad.* (વન્સ) એક વખત.
Son, *s.* (સન) છોકરો.
Is dead, *v.* (ઇઝ ડેદ) મરી ગયોછે.
Kind, *a.* (કાઇન્ડ) દયાળુ.
Says, *v.* (સેઝ) કહેછે.
As long as, જ્યાં શુધી.
Get, *v.* (ગેટ) મેળવવું.
Ask, *v.* (આસ્ક) પુછવું.
Bring, *v.* (બ્રિંગ) લાવવું.
Warm, *a.* (વૉરમ) ગરમ.
Fire, *s.* (ફાયર) સઘડી;તાપણી.
Rest, *v.* (રેસ્ટ) આરામયરા લે.

Look જુઓ at that poor old man પેલા ગરીબ બુઢા માણસ ભણી. He sits તે બેઠોછે at the tree ઝાડ પાસે by the side બાજુએ of the road રસ્તાની.

He has come તે (ચાલી) આવ્યો છે a long way લાંબી મંજલ and now અને હવે he wants તેને અગત છે rest and food આરામયરા તથા ખોરાકની.

His dog sits તેનો કુતરો બેઠોછે by his side તેની પાસે and waits અને વાટ જોયછે for a share ભાગની of the poor man's food તે ગરીબ માણસના ખોરાકના.

Come આવ, old man બુઢા માણસ take some bread and meat out કંઇક રોટલી અને માંસ બાહેર કાહાડ of your bag તારી ઝોલીમાંથી and eat અને ખા. Then પછી give a bit of meat માંસનો કકડો નાખ to your poor dog તારા ગરીબ કુતરા આગળ.

The old man તે બુઢા માણસને once had a son એક વખત એક દીકરો હતો, and અને this dog આ કુતરો was his તેનો હતો. But પણ the son is dead તે છોકરો મરી ગયોછે and now અને હાલ the dog lives તે કુતરો રહેછે with the old man તે બુઢા માણસ સાથે.

The old man તે બુઢો માણસ is kind માયા રાખેછે to the dog કુતરા પર, and says that અને કહે છે કે as long as જ્યાંસુધી he has bread and meat તેની પાસે રોટલી તથા માંસ હશે ત્યાંસુધી the dog shall get his share તે કુતરાને તેનો ભાગ મળશે.

Let us go and ask ચાલો આપણે જઇને કહીયે the old man તે બુઢા માણસને to come in અંદર આવવા. Jane will bring him જેન તેને સારૂ લાવશે some warm food કંઇ ગરમ ખાણું.

Come in અંદર આવ old man બુઢા માણસ and ને sit by the fire સગડી પાસે બેસ and rest ને આરામ લે.

———o———

Morning and Night સહવાર અને રાત.

Bright, *a.* (બ્રાઇટ) પ્રકાશિત; તેજસ્વી	Work, *s.* (વર્ક) કામ.
Sun, *s.* (સન) સુરજ; આફતાબ.	Make haste, ઉતાવળ કરો.
Is up, ઉગ્યોછે.	Watch, *v.* (વૉચ) તપાસવું.

Them, *pro.* (ધેંમ) તેઓને.
Hive, *s.* (હાઇવ) મધપુડો.
To rise, *v.* (રાઇઝ) ઉઠવું.
Bees, *s.* (બીઝ) મધમાખ.
Kneel, *v.* (નીલ) ગુંઠણીએ પડયે.
Thank, *v.* (થેંક) ઉપકાર માનો.
God, *s.* (ગૉદ) ઇશ્વર.
Bless, *v.* (બલેસ) સુખ આપવું.
Safe, *a.* (સેફ) સલામત.
Is down, અસ્ત પાંમેછે.
West, *s.* (વેસ્ત) પશ્ચિમ.
Red, *a.* (રેડ) રાતું.
Sky, *s.* (સ્કાઇ) આકાશ.
Dark, *a.* (ડાર્ક) અંધારૂ.
Hides, *v.* (હાઇડ્ઝ) છુપાવે છે.
Head, *s.* (હેડ) માથું.
Each one, દરેક જણ.
Good night—રાતની સલામ.
Bed, *s.* (બેડ) બીછાણું.
To pray, *v.* (પ્રે) પ્રાર્થના કરવાને; બંદગી કરવાને.
Love, *s* (લવ) સ્હા; પ્યાર.
Care, *s.* (કેર) સંભાળ; જતન.
Through night, રાતે.
Light, *s.* (લાઇટ) રોશની; દીવસ.
While, *ad* (હ્વાઇલ) જ્યારે.
Sleep, *v.* (સ્લીપ) ઊંઘું છું.
Watch, *s.* (વૉચ) સંભાળ.

See જુઓ how bright it is કેટલું ઉજરડું પડયું છે. The sun સુરજ is up ઉગ્યો છે. The birds પક્ષિઓ are up ઉઠયાં છે. Hark સાંભળો! Do you hear તમે સાંભળો છો? them sing તેમને ગાતાં.

The bees મધમાખો are at work કામે લાગીછે. They have been up તેઓ ઉઠી છે a long time ઘણા વખતની.

Make haste ઉતાવળ કરો that we may go કે આપણે જઇએ and અને watch them તેમને તપાસ્યે near the hive મધપુડા નજદીક.

It is good સારૂં છે for you and for me તમારે અને મારે વાસ્તે to rise ઉઠવું with the sun સુરજ ભેગા and the birds અને પક્ષિઓ (સાથે) and the bees અને મધમાખો (સાથે.) (સુરજ ઉગેછે અને પક્ષિઓ તથા મધમાખો ઉઠેછે ત્યારે તમારે અને મારે ઉઠવું સારૂંછે.)

Now હવે kneel down ગુડણુ મરડી બેસો and અને thank God ખોદાનો ઉપકાર માનો that કે he has kept you તેણે તમારી સંભાળ લીધી છે all through the night આખી રાત.

Ask him તેની પાસે માગો કે to bless you તમને સુખી રાખે and keep you safe અને તમને સલામત રાખે all day long આખો દહાડો.

See now હવે જુવો the sun is down સુરજ અસ્ત પામ્યો છે. Look જુવો how red કેટલું રાતું the sky is આકાશ બન્યું છે in the west પશ્ચિમે. It will soon be dark અંધારૂં જલદી પડશે.

The birds પક્ષિઓ are at rest આરામ લેછે in the trees ઝાડોમાં. See how જુવો કેવાં each one દરેક પક્ષિ hides its head પોતાનુ માથું સંતાડે છે in its wing પોતાની પાંખમાં. It is time વખત થયોછે too વળી for you to say good night તમારે રાતની સલામ કરવાનો and go to bed અને બિછાણે જવાનો. But પણ do not go જતાના to rest આરામ લેવા till જ્યાં તલક you have knelt down તમે ગુડણીએ પડો to pray to God ખુદાની બંદગી કરવાને, and to thank Him અને તેનો પાડ માનવાને for all His love and care તેના સઘળા પ્યાર ને સંભાળ માટે.

Ask him તેની પાસ માગો (કે) to watch you તમારી સંભાળ લે in the night રાત્રે. He sees you તે તમને જોયછે, and will keep you safe અને તમને સલામત રાખશે from harm સંકટમાંથી.

I will not fear હું બિહિશ નહીં for God is near કારણકે ખોદા પાસેજછે, Through the dark night અંધારી રાત્રે (ભી) as in the light જેમ દિવસે છે તેમજ, And while I sleep અને જ્યારે હું ઊંઘુંછું safe watch will keep ત્યારે સંભાળથી ચોકી કરશે, Why should I fear મારે શા માટે બિહવું જોઇએ when God is near ખોદા પાસેજ છે ત્યારે.

———0———

THE PET BIRD વ્હાલું પક્ષિ.

Pet, *a.* (પેત) વ્હાલું; ગાનીતું.
Kept, *v.* (કેપ્ટ) રાખ્યું.
Cage, *s.* (કેજ) પાંજરૂ.
Tame, *a.* (તેમ) હળી ગયેલું; પાળેલું.
(To) be fed, *v.* (બી ફેદ) ખાવાને.
Now & then, વારંવાર.
Let out, બાહેર કાઢવું.
Top, *s.* (તૉપ) મઠાણું.
Round, *pre.* (રાઉન્ડ) આસપાસ.
Fly, *v.* (ફ્લાય) ઉડવું.
Room, *s.* (રૂમ) ઓરડો.
Liked best, ઘણું પસંદ હતું.
(To) feed, *v.* (ફીદ) ખવાડવાને.
No one, કોઈ નહીં.
Else, (એલ્સ) બીજું.
But, *pre.* (બત) સિવાય.
Aunt, *s.* (આન્ત) કાકી.
Sent, *v.* (સેન્ત) મોકલ્યો.
Box, *s* (બૉક્સ) દાબડો; પેટી.
New, *a.* (નીઉ) નવાં.
Toys, *s.* (તૉયસ) રમકડાં.
(Was) pleased, *v.* (પ્લીઝડ) ખુશી થઈ ગઇ.
Played, *v.* (પ્લેડ) રમ્યા કીધી.
All day, આખો દહાડો.
Next, *a.* (નેક્સ્ત) બીજે.
Friend, *s.* (ફ્રેન્દ) સહી.
(To) see, *v.* (સી) મલવાને.
Once more, એકવાર ફરીથી.
Got, *v.* (ગૉટ) મેળવ્યો.
Third, *a.* (થર્ડ) ત્રીજે.
Care, *v.* (કેર) દરકાર કરવી.
So much, એટલી બધી.
Nice, *a.* (નાઇસ) મજેના.
Seed, *s.* (સીદ) બી.
To give, *v.* (ગીવ) આપવા.
Lay, *v.* (લે) પડવું.
Dead, *a.* (દેડ) મુવેલું.
Died, *v.* (દાઇડ) મરી ગયું.
Want, *s.* (ઉવૉન્ત) તંગી.
What, *a.* (ઉવૉત) કેવું.
Pain, *s.* (પેન) દુઃખ.
Felt, *v.* (ફેલ્ત) લાગ્યું.
Keep in mind, યાદ રાખજો.
Sad, *a.* (સૅદ) દલગીરી ભરેલી.
Tale, *s.* (તેલ) વાત.
Pets, *s.* (પેતસ) વ્હાલાં; લાડકાં.

Jane જેન had a bird પાસ એક પક્ષિ હતું that જેને she kept તે રાખતી હતી in a cage એક પાંજરાંમાં.

It was તે હતું so tame એટલું હળી ગએલું that કે it would come તે આવતું હતું to be fed ખાવા from her hand તેણીના હાથમાંથી.

Now and then વારંવાર she would let it out તે તેને બાહેર કાહાડતી હતી; and અને it would sit તે બેસતું હતું on the top મથાળે of the cage પાંજરાંને or અથવા fly ઉડતું round the room ઓરડાની આસપાસ.

As she liked best તેણીને ઘણું ગમતું હતુ તેથી to feed it તેને ખવાડવા no one else કોઈ બીજું નહીં, fed the bird તે પક્ષિને ખવાડતું but her તેણી સીવાય.

One day એક દહાડે her aunt તેણીની કાકીએ sent her તેણીને માટે મોકલ્યો a box of new toys નવાં રમકડાંનો દાબડો. She was so pleased with them તેથી તે એટલી તો ખુશી થઈ that કે she played all day તે આખો દહાડો રમ્યા કીધી with them તેમને લઈને. That day તે દહાડે Jane did not feed જેને ખવાડયું નહીં her bird પોતાના પક્ષિને.

Next day બિજે દહાડે a friend came એક સહી આવી to see Jane જેનને મળવા and once more અને એકવાર ફરીથી the poor bird તે ગરીબ પક્ષિને got no food ખોરાક મળ્યો નહીં.

Jane and her friend જેન અને તેણીની સહી played all day આખો દહાડો રમ્યાં કીધાં with the box of toys રમકડાંના દાબડા સાથ.

On the third day ત્રીજે દહાડે Jane did not care જેને દરકાર કીધી નહીં so much એટલી બધી for the toys રમકડાંની and ને she went once more to play તે ફરીથી રમવા ગઈ with her bird પોતાનાં પક્ષિ સાથ.

She went up to the cage તે પાંજરાં પાસે ગઈ with some nice seed થોડાં મજાનાં બી લઈને to give to it તેને ખવાડવા.

But પણ the poor bird lay dead તે બિચારૂં પક્ષિ મુવેલું પડેલું હતું in the cage પાંજરાંમાં. It had died તે મરી ગયું હતુ for want of food ખોરાક નહીં મલવાને લીધે.

Oh! અરે! what pain કેટલું દુઃખ it must have felt તેણે ખમ્યું હશે!

Boys and girls છોકરા અને છોકરીઓ keep this sad tale આ દલગીરી ભરેલી વાત રાખજો in your minds તમારા ધ્યાનમાં and be kind અને માયાળુ રેહેજો to your pets તમારાં પ્યારાં પ્રાણીપર.

---o---

The Bird in the Woods જંગલ માહેલું પક્ષિ.

Be shut, *v.* (બિ શટ) બંધ થવું; ધોંધાવું. | Love best, ઘણું ગમેછે.
Gold, *s.* (ગોલ્ડ) સોનું. | Woods, *s.* (વુડઝ) જંગલો.

I would not મને ગમતું નથી in a cage પાંજરાંમાં be shut બંધ થવા Though જોકે it of gold should be તે સોનાનું ઘડેલું હોય, I love best મને બહુ ગમેછે in the woods જંગલમાં to sing ગાવા And અને fly ઉડવા from tree to tree ઝાડે ઝાડ.

---o---

Little Pussy નાની બિલાડી.

Coat, *s.* (કોટ) વાળની ચામડી.
Warm, *a.* (વૉરમ) હુંફાળી; ગરમ.
Hurt, *v.* (હર્ત) નુકસાન કરવું; ઈજાદેવી.
Harm, *s.* (હાર્મ) નુકસાન.
Pull, *v.* (પુલ) ખેંચવું.
Drive, *v.* (ડ્રાઈવ) હાંકી કાઢવું.
Away, *ad.* (અવે) બહાર.
Gently, *ad.* (જેન્તલી) નરમાશથી; ધીમેથી.
Because, *con.* (બીકૉઝ) કારણ કે.

I love little pussy નાની બિલાડીને હું ચાહુંછું, her coat તેણીની વાળની ચામડી is so warm બહુ હુંફાળી છે, And if અને જો I don't hurt

her હું તેણીને દુઃખ દઈશ નહીં તો she will do me no harm તે મને ઇજા દેશે નહીં So માટે I will not pull હું ખેંચીશ નહીં her tail તેણી-ની પુછડી nor વળી નહીં drive her away તેણીને હાંકી કાહાડીશ But pussy and I પણ બિલાડી ને હું very gently will play ઘણી નરમીથી રમીશું. She will sit તે બેસશે by my side મારી સાથે and અને I will give her હું તેણીને આપીશ some food કંઈ ખોરાક And ને pussy will love me બીલાડી મારાપર પ્યાર રાખશે because કારણ કે I am good હું ભલોછું.

—o—

MY PUSSY મ્હારી બિલાડી.

Miss Pussy, *s.* (મીસ પુસી) બીલાડીનું બચ્ચું.
(Is) drinking, *v.* (ડ્રિંકિંગ) પીએછે.
Milk, *s.* (મિલ્ક) દુધ.
Soft, *a.* (સૉફ્ત) નરમ.
Glossy, *a.* (ગ્લૉસી) ચળકતી.
Silk, *s.* (સિલ્ક) રેશમ.
Sips, *v.* (સિપ્સ) ચાટેછે.
Lap-lap, *s.* (લૅપ લૅપ) જીભ.
Wiping, *p.* (ઉવાઈપીંગ) લુછીને.
Whiskers, *s.* (ઉવ્હીસકર્સ) થેભીઆ; મુછના વાળ.
Lies down, *v.* (લાઈઝ દાઉન) સુ-[એછે.]
Nap, *s.* (નૅપ) ઊંઘ.

Kitty, *s.* (કિતિ) બિલાડીનું બચ્ચું
Gentle, *a.* (જૅન્તલ) ગરીબ.
Funny, *a.* (ફનિ) રમુજી.
Sofa, *s.* (સોફા) કોચ.
Table, *s.* (તેબલ્) મેજ, તેબલ.
Bo-peep, *s.* (બો-પીપ) નાસોગોસો; ઝાકુક.
Able, *a.* (એબલ્) શક્તિવાન.
Dearly, *ad.* (દીઅરલી) પ્યારથી.
Never, *ad.* (નેવર) કદી નહી.
Happier, *a.* (હૅપીઅર) વધારે સુખી.
Playmates, *s.* (પ્લેમેટસ) સાથે રમનાર.

Oh ઓ હો! here is Miss pussy હિયાંતો બિલાડી બાઈ છે; she is drinking તે પીએછે her milk પોતાનું દુધ; Her coat તેણીની વાળની

ચામડી is as soft નરમ છે and as glossy અને ચલકતી as silk રેશમના જેવી. She sips the milk up તે દુધ ચાટેછે with her little lap-lap પોતાની નાની જીભથી, Then પછી wiping her whiskers પોતાની મુછના વાળ સાફ કરી, lies down for a nap ઉંઘવાવાને માટે લેટેછે. My kitty is gentle મારી બિલાડી ગરીબ છે she loves me right well તે મને ખરેખરી ચાહેછે, How funny કેટલી રમુજી her play is તેણીની રમત લાગેછે I'm sure I can tell મારી ખાતરીથી હું કહી શકુંછું; Now ઘડીકમાં under the sofa કોચ તલે now (તો) ઘડીકમાં under the table તેબલ તલે She runs તે દોડે છે and plays bo-peep ને નાસોગોસો રમે છે as well એટલી અચ્છી રીતે as she is able પોતાથી બને છે. Oh ઓ! dearly I love her પ્યારથી હું તેણીને ચાહું છું. You never did see તમે કદી જોયાં નથી, Two happier playmates બે વધારે સુખી રમનાર, than kitty and me કીતીને ને મને જોઓ છો તે કરતાં.

—o—

A WEEK AT THE FARM ખેતરમાં (કાઢેલું) એક અઠવાડીયું.

Week, *s.* (ઉવીક) અઠવાડીયું.
Farm, *s.* (ફાર્મ) ખેતર.
Back, *ad.* (બૅક) પાછી.
Saw, *v.* (સૉ) જોયું.
Each, *a.* (ઈચ) દરેક.
Maid, *s.* (મેદ) છોકડી.
Milk, *v.* (મિલ્ક) દુધ દોહોવું.
A drink, *s.* (ડ્રિંક) પીવાનું.
Ducks, *s.* (દકસ) બતકાંઓ.
Swim, *v.* (સ્વિમ) તરવું.
Pond, *s.* (પૉન્દ) તળાવ.
Throw, *v.* (થ્રો) નાંખવું.
Fine, *a.* (ફાઈન) સુંદર, રમળીઆમણો.
Sight, *s.* (સાઈત) દેખાવ.
Helped, *v.* (હેલ્પ્ડ) મદદ કીધી.
Hens, *s.* (હેન્સ) મુરગ; મરઘી.
Close up, *ad.* (કલોઝ અપ) છેક નજદીક.

Picked up, *v.* (પિકડ અપ) ઉ-ચકી લીધું.
Crumbs, *s.* (ક્રમ્બ્ઝ) કકડા; ભુકલા.
Let fall, નાંખતી હતી.
Ground, *s.* (ગ્રાઉન્ડ) જમીન.
Grass, *s.* (ગ્રાસ) ઘાસ.
Park, *s.* (પાર્ક) મેદાન.

Sheep, *s.* (શીપ) મેંઢાં.
Snow-white, બરફ જેવાં રાફેદ.
Lambs, *s* (લૅમ્બ્ઝ) મેંઢાના બચ્ચાં.
Green, *a.* (ગ્રીન) લીલું.
First time, પેહેલી વાર.
Next time, બીજી વાર.

Jane જેન has been for a week એક અઠવાડીઉં રહી હતી at the farm ખેતરમાં where her aunt lives જ્યાં તેણીની કાકી રહેછે. Now હમણા she has come back તે પાછી આવી છે, and અને she has much to tell તેણી ઘણું કેહેવાની છે of what she saw જે તેણીએ જોયું તેવિશે.

Each day દર રોજ she went to see તે જોવા જતી હતી the maid છોકરીને milk the cows ગાયોને દુધ દોહતાં; and અને the maid gave her તે છોડી તેણીને આપતી a drink પીવાનું of the nice warm milk તે તાજાં દુધમાંથી.

She saw the ducks તેણીએ બતકો દીઠાં હતાં swim in the ponds તલાવમાં તરતાં; and અને she used to throw તે નાખતી હતી bits of bread રોટલીના ભુકલા to them તેમને.

It was a fine sight અછો દેખાવ મલતો for Jane જેનને to see જોવાને how fast કેવી ઝડપથી they would swim તેઓ તરતાં હતાં to get the bread તે રોટલી મેળવવા.

Each day દરરોજ too વળી Jane જેન went with her aunt તેણીની કાકી સાથ જતી હતી and helped her ને તેણીને મદદ કરતી હતી to feed the hens મરઘીઓને ખવાડવાને.

The hens મરઘીઓને had no fear બીહિક ન હતી. They came તેઓ આવતી હતી close up to her તેણીની છેક નજદીક and અને picked up the crumbs કુકડા ઊંચકી લેતી હતી as fast તરતજ ઝડપથી as she let them fall જેવી તેણી તે નાખતી હતી કે on the ground જમીન ઉપર.

She went તે ગઈ to the grass park ઘાસના મેદાનમાં too વળી and there અને ત્યાં she saw તેણીએ દીઠાં હતાં the sheep and the snow-white lambs મેંઢાંઓ તથા બરફ જેવાં સફેદ મેંઢાંનાં બચ્ચાં as they played જ્યારે તેઓ રમતાં હતાં on the soft green grass નરમ લીલાં ઘાસ ઉપર.

It was the first time (આ) પેહેલીજ વાર (હતું) Jane had been at the farm (કે) જેન ખેતરે ગઈ હતી. Next time she goes બીજી વેળા તે જશે ત્યારે Tom and Fred તૉમ અને ફ્રૅદ are to go જનાર છે with her તેણીની સાથ.



The Owl ઘુવડ.

Owl, *s.* (આઉલ) ઘુવડ.
Is called, *v.* (ઈઝ કૉલ્ડ) કહેવાયછે.
Too strong, ઘણીજ, ન ખમાય એવી.
Too bright, નહીં ખમાય એટલાં તેજવાળું.
Hid, *p.* (હિદ) છુપાઈને, છુપાયલું.
Hole, *s.* (હોલ) નાકું; બકારૂં; દર.
Out of sight, દેખાય નહીં તેમ.
Round and round, ગોળ ચક્કર.
Search, *s.* (સર્ચ) શોધ.
Noise, *s.* (નૉઈઝ) ઘોંઘાટ.
Quite, *ad.* (ક્વાઈટ) તદન.
Know, *v.* (નો) જાણેછે; ઓળખેછે.
Find out, *v.* (ફાઈન્ડ આઉત) શોધી કાઢેછે; જુએછે.

By day, દિવસે.	Half, *a.* (હાફ) અર્ધો.
Peck at, *v.*(પેક ઍટ) ચાંચે ટુંપેછે.	Blind, *a.* (બ્લાઇન્ડ) આંધળો.
Might, *s.* (માઇત) જોર.	To fight, *v.* (ફાઇટ) લડવાને.

The owl ઘુવડને is called કહેછે bird of night રાતનો પક્ષિ.

The light of day દિવસની રોશની is too strong ન ખમાય એવી સખત હોયછે and too bright અને ન ખમાય એવા સખત તેજવાળી for his eyes તેની આંખને સારૂં.

So માટે he sits તે બેસી રેહેછે all day long આખો દહાડો hid છુપાઇને in a tree એક ઝાડમાં or અથવા in a hole એક દરમાં of a wall દિવાલનાં out of sight ન દેખાય તેમ.

As soon as જેવી it is night રાત પડેછે કે he comes out તે બાહેર નિકળેછે and અને flies round and round ગોળ ચક્કર ઉડયા કરેછે in search of mice ઉંદરોની શોધમાં or small birds કે નાના પક્ષિઓની.

When he flies જ્યારે તે ઉડેછે his wings તેની પાંખો don't make a noise ઘોંઘાત કરતી નથી. So તેથી the mice and birds ઉંદરો તથા પક્ષિઓ do not hear him તેને સાંભળી શકતાં નથી till he is quite near તે છેક નજદીક આવેછે ત્યાંસુધી.


The birds પક્ષિઓ know him well તેને સારીપેરે પિછાણેછે and ને are in great fear બહુ ધાસ્તી રાખેછે for him તેની.

When જ્યારે they find him out તેઓ તેને શોધી કહાડેછે by day દિવસમાં they come ત્યારે તેઓ આવેછે and peck at him અને તેને ચાંચે ચાંચે ટુંપેછે with all their might પોતાના સઘળાં બળથી.

He તે is then તે વખતે હોયછે half blind અર્ધો આંધળો and અને he does not see તેને સુજતું નથી how to fight કેમ લડવું તે.

with them તેમની જોડ. Look જુઓ how કેવાં they peck at him તેઓ તેને ચાંચે ઠુંપેછે.

Poor owl ગરીબ ઘુવડ! fly back પાછો ઉડી જા to your hole તારા દરમાં as fast as you can તારાથી જેટલી બને તેટલી ઝડપથી.



THE PET GOAT વ્હાલો બકરો.

Goat, *s.* (ગોત) બકરો.
Beard, *s.* (બીઅર્દ) દહાડી.
Long, *a.* (લૅાંગ) લાંબી.
Horns, *s.* (હૅાર્ન્ઝ) સીંગડાં. [હતી
Would call, *v.*(ઉડ કૅાલ)બોલાવતી
Look up, *v.* (લુક અપ)ઊંચે જોવું.
Face, *s.* (ફેસ) મ્હોડું; મુખ. [હતી.
Had brought, *v.* (હૅડ બ્રૉત) લાવી

Work, *s.* (ઉવર્ક) કામ.
Mind, *s.* (માઇન્ડ) મન.
Will find, *v.* (ઉવીલ ફાઇન્ડ) મા-
લમ પડશે. [ખસે.
Will learn, *v.* (ઉવીલ લર્ન) શિ-
Soon, *ad.* (સૂન) જલદીથી.
Wins, *v.* (ઉવિન્સ) જીતે છે.

Ann had a pet goat ઍન પાસે એક માનીતો બકરો હતો. It had તેને હતી a long beard એક લાંબી દહાડી and long horns અને લાંબાં સીંગડાં. Ann liked ઍનને ગમતું હતું to feed the goat તે બકરાને ખવાડવા.

Nan, Nan નૅન નૅન કરીને she would call તે તેને બોલાવતી હતી, and અને at once તરતજ the goat would come તે બકરો આવતો હતો to her તેણીની પાસે.


It would look up તે ઊંચે જોતો હતો in her face તેણીનાં મોહોડાં તરફ as if જાણે કે to thank her તેણીનો પાડ માનવા for the good food સારા ખોરાક માટે she had brought તે લાવી હતી to it તેને સારૂં.

When જ્યારે Ann had no work to do ઍંનને કાંઈ કામ ન હોતું in the house ઘરમાં she would go out ત્યારે તે બાહેર જતી હતી and play અને રમતી હતી with the goat બકરા સાથ.

The goat liked બકરાને ગમતું હતું to play with Ann ઍંન સાથે રમવા. It would go તે જતો હતો to her તેણીની પાસ when અને would go to no one else તે કોઈ બિજાપાસ નહી જતો હતો.

The goat knew તે બકરો જાણતો હતો who was kind કોણ માયા રાખતું હતું to it તેના પર.

Keep this in mind આ ધ્યાનમાં રાખજો boys and girls છોકરા અને છોકરીઓ. Be kind માયા રાખજો to your pets તમારાં પ્યારાં પ્રાણીપર, and ને you will find તમને માલમ પડશે that કે they will soon learn તેઓ જલદી શિખશે to love you તમને ચાહાવા. Love પ્યાર wins Love પ્યારને જીતે છે.



The Storm તોફાન.

Wild, *a.* (ઉવાઈલ્ડ) જબરૂં; ભારે.
Storm, *s* (સ્ટૉર્મ) તોફાન.
Ship, *s* (શિપ) વ્હાણ; જાહાજ.
Wreck, *s.* (રેક) ભાગેલું વ્હાણ.
Cling, *v.* (ક્લિંગ) વળગેછે.
Mast, *s.* (માસ્ટ) વહાણનું ડોલ.
Life-boat, *s.* (લાઈફ બોટ) ડુબતાં માણસોને કાઢવાનો મછવો.
To save, *v.* (સેવ) બચાવવા.
To reach, *v.* (રીચ) પ્હોંચવા.
Shore, *s.* (શોર) કિનારો.
Row, *v.* (રો) હલેસાં મારી હંકારો.
Lives, *s.* (લાઈવ્ઝ) જીંદગી; જાન.
Seems, *v.* (સીમ્સ) જણાયછે.
Sink, *v.* (સિન્ક) ડુબવું.
Waves, *s.* (વેવ્ઝ) મોજા.
Top, *s.* (ટૉપ) મથાળું.
Pull, *v.* (પુલ) હલેસાં મારો.
At last, છેલ્લે સરવાલે.

There has been થયું છે a wild storm જબરૂં તોફાન and the good ship અને સારૂં વહાણ is a wreck ભાગ્યું છે.

Do you see તમે જુઓછો? how કેવાં the men cling માણસો વળગે છે to the mast કુવાને of the ship વાહાણનાં.

The life-boat ડુબતા માણસોને કાઢવાનો મછવો has been sent out મોકલ્યોછે to save them તેમને બચાવવા and અને some of them તેઓમાંનાં કેટલાંક are in it તેમાં છે. They try તેઓ કોશીસ કરેછે to reach the shore કિનારે પોંહોંચવા. Row હાંકો men માણસો row for your lives તમારા જાન (બંચાવવા) માટે હલેસાં (મારી) હોડી હાંકો.

See જુઓ! the boat seems મછવો દેખાય છે to sink in the waves મોજા તળે ડુબતો. Down નીચે down it goes તે ડુબેછે. Oh રે! the poor men બિચારાં માણસો!

But see પણ જુઓ, there it is once more તે ત્યાં પાછો આવ્યો છે. It is on the top તે મથાળે આવ્યો છે of a wave એક મોજાને. Now it comes હવે તે આવેછે near the shore કિનારા પાસે. Pull હલેસાં મારો men pull માણસો હલેસાં મારો.

Here it comes અંહીઆ તે આવેછે. The boat is મછવો આવ્યોછે on the shore કિનારે, and the men અને માણસો are safe સલામત છે.

The boat મછવો goes out જાયછે once more ફરીથી to the wreck ભાગેલાં વાહાણ આગળ. And અને at last છેલ્લે સરવાળે all the poor men બિચારા સઘળાં માણસો are saved બચ્યાં છે.

Kneel down ગુટણ મરડી બેસો, men માણસો and thank God અને ખોદાનો ઉપકાર માનો, who has saved you જેણે તમને બચાવ્યાં છે in the storm તોફાનમાંથી.

—o—

On Instinct પ્રેરણા બુદ્ધિ વિશે.

Instinct, s. (ઈન્સ્ટિંક્ટ) અંગજ્ઞાન; પ્રેરણા બુદ્ધિ.
Taught, v. (તૉટ) શિખવ્યું.
To build, v (બિલ્ડ) બાંધવા.
Wool, s. (ઉલ) ઉન.
Hay, s. (હે) સુકું ઘાસ.
Moss, s. (મૉસ) લીલ.
To weave, v. (વીવ) વણવા.
To lay, v. (લે) મુકવા.
Twigs, s. (ટ્વિગ્ઝ) ડાંખળી.
Across, ad. (ઍક્રૉસ) આડાંઅવળાં.
Sweetest, a. (સ્વીટેસ્ટ) સૌથી મીઠાં
Flowers, s. (ફ્લૉવર્સ) ફુલો.
Store, s. (સ્ટોર) જથ્થો.
To lay by, v. (લે બાઈ) એકઠું કરવા, સંઘરી રાખવા.

Honey, s. (હની) મધ.
Winter, s. (વિન્ટર) શિયાળો.
Way, s. (વે) રીત.
Hours, s. (અવર્સ) કલાકો.
Ants, s. (ઍન્ટ્સ) કીડીઓ.
Narrow, a. (નૅરો) સાંકડું.
Bore, v. (બોર) આંધરૂં પાડવું.
Through, prep. (થ્રુ) માં.
Pleasant, a. (પ્લેઝન્ત) ખુશાનુમાં.
Summer, s. (સમર) ઉનાળો.
Gather up, v. (ગૅધર અપ) એકઠું કરવું.
Skill, s. (સ્કિલ) ચાલાકી; બુદ્ધિ.
Teaches, v. (ટીચિસ) શિખવેછે.
Children, s. (ચિલ્ડ્રન) છોકરાં.
Holy, a. (હોલિ) પાક.
Will, s. (વિલ) મરજી.


Who taught કોણે શિખવ્યું the bird પક્ષિને to build બાંધવા her nest તેણીનો માળો, Of wool ઉનનો, and hay અને શુકાં ઘાંસનો and moss અને લીલનો? Who taught her કોણે તેણીને શિખવ્યું? how to weave it best તે ઉત્તમ રીતે (કેમ) વણવા And lay ને મુકવા the twigs across ડાંખલીઓને આડી અવલી.

Who taught કોણે શિખવી the busy bee ઉદ્યોગી મધમાખને to fly ઉડવા Amongst વચ્ચે the sweetest flowers સઉથી મીઠાં ફુલો; And અને

lay her store by તેણીનો જથ્થો જમાવ કરવા of honey મધનો, To eat ખાવા in winter hours શિયાળાના (દિવસોના) કલાકમાં.

Who taught કોણે શિખવી the little ants નાના કીડીઓને the way રીત Their narrow holes તેમના ઝીણા દરો to bore પાડવાની, And અને through the pleasant summer day ખુશીનુમા ઉનાળાના દિવસમાં To gather up ભરી રાખવાની their store તેમના ખોરાકનો જથ્થો.

'Twas God તે ખોદા (છે) હતો who taught them જેણે તેમને શિખવી all the way સઘળી રીત, And gave અને બક્ષિ their little skill તેમની નાની બુદ્ધિ; And અને teaches children છોકરાંઓને શિખવેછે when they pray જ્યારે તેઓ બંદગી કરેછે ત્યારે to do બજાવવા his holy will તેનો પવિત્ર હોકમ.



THE GREAT JUMP મોટો કુદકો.

Twins, *s.* (ટ્વિન્સ) જોડ જણેલાં બચ્ચાં.
Means, *v.* (મીન્સ) અર્થ થાયછે; એટલે, એમ છે કે.
Same, *a.* (સેમ) એકજ.
Age, *s.* (એજ) ઉંમર.
Tall, *a.* (ટૉલ) ઉંચો.
Thought, *v.* (થૉટ) વિચાર્યું.
Learned, *v.* (લર્ન્ડ) શિખી.
Jump, *v.* (જમ્પ) કુદવું.
Step, *s.* (સ્ટેપ) પગથિયું; ફાંડિયું.
Stair, *s.* (સ્ટેર) દાદર.
At a time, એકી વખત.
Held, *v.* (હેલ્ડ) પકડ્યું.
Rail, *s.* (રેળ) કટેરો.
Proud, *a.* (પ્રાઉદ) મગરૂર; ગર્વિષ્ટ.
Years, *s.* (યઅર્સ) વર્ષો.
Big, *a.* (બિગ) મોટો.
Boy, *s.* (બૉય) છોકરો.
Fit, *a.* (ફિત) લાયક.
School, *s.* (સ્કુલ) નિશાળ.
Talk, *v.* (ટૉક) વાત કરવા.
To boast, *v.* (બોસ્ત) ફિસિયારી કરવા; ઇતરાવા.
Things, *s.* (થિંગ્સ) વાત; બાબત.
Wise, *a.* (વાઇઝ) ડાહ્યો.

A great way, ઘણે તફાવતે, ઘણે [લાંબે. | Just now, હમણાંજ.
Wait, v. (વેઈત) થોભવું. | How, ad. (હાઉ) કેવી રીતે.

Ben and May બેન અને મે were twins જોડ જણેલાં બચ્ચાં હતાં that means એટલે that they were કે તેઓ હતાં of the same age એકજ ઉમરના. May was not મે ન હતી so tall એટલી ઊંચી as Ben was જેટલો બેન (ઊંચો) હતો, and ને she was not તે ન હતી so strong એટલી જોરાવર; but પણ May thought more મે વધુ વિચાર કરતી હતી learned more વધુ શિખતી હતી and did more અને વધુ કરતી હતી than Ben બેનના કરતાં.

Ben could jump down બેન કુદી શકતો હતો one step એક કાંડિયું of the stair દાદરનું at a time એકી વખતે. When જ્યારે he held તે પકડતો હતો by the top મથાળેથી of the rail કઠેરાને he could jump ત્યારે તે કુદી શકતો tow steps બે કાંડિયાં at a time એકી વખતે. Ben was proud બેન ફિસિઆરી કરતો હતો that કે he could jump more તે વધુ કુદી શકતો હતો than May could મે કુદી શકતી હતી તેના કરતાં.

When Ben and May જ્યારે બેન અને મે were just four years old ચાર વર્ષનાં થયાં ત્યારે, Ben thought બેને વિચાર્યું that કે he would soon be તે જલદી થશે a big boy એક મોટો છોકરો fit for school નિશાળે જવા લાયક. He loved to talk તે વાત કરવા ચાહતો હતો, and અને he loved to boast તે ફિસિઆરી કરવા ચાહતો હતો, and so અને તેથી Ben said things બેન એવી એવી વાતો બોલતો હતો, which જેવી (વાત) no wise boy કોઈબી ડાહ્યો છોકરો નહીં would have said બોલે.

"I can jump હું કુદી શકુછું—I can jump હું કુદી શકુછું a great way ઘણે ઊંચે (લાંબે)!" cried Ben બેન બોલી ઉઠ્યો. "Now that હવે

જ્યારે I am four years old હું ચાર વર્ષનો થયો છું I can jump down હું કુદી શકુછું four steps ચાર કાંડિયાં at a time એકી વખતે and અને not hold at all ધરતો બી નથી by the top મથાળેથી of the rail કટેરાને."

"Oh no અરે નહીં, dear Ben પ્યારા બેન" said May મે બોલી "we must not try આપણે યત્ન ન કરવી such a great jump એવડો મોટો કુદકો (મારવાની) as that આના જેટલો. We must wait આપણે થોભવું જોઈએ till we are tall and strong આપણે મોટાં અને જોરાવર થઈએ ત્યાં સુધી." For કારણકે May was too wise મે એટલી તો ડાહી હતી કે to boast ગરૂરી નહીં કરતી હતી.

"I can jump હું કદી શકુછું four steps ચાર કાંદીયાં at a time એકી વેળા—I am sure મારી ખાતરી છે that I can કે હું કુદી શકીશ!" cired proud Ben મગરૂબ બેન બોલ્યો. "I can do much more હું ઘણું વધારે કરી શકીશ than you can તું કરી શકે તે કરતાં; for કારણકે you are તું છે but a girl માત્ર છોકરી and અને I am હું છું a boy છોકરો —a big strong boy મોટો જોરાવર છોકરો. Just look now હમણાજ જો how I can jump હું કેવો કુદી શકુંછું."

——o——

Ran up, *v.* (રૅન અપ) ઉપર ચઢયો.
High, *a.* (હાઈ) ઊચી.
Smile, *s.* (સ્માઈલ) મુછમાં હસવું
Think, *v.* (થિંક) ધારવું.
Nose, *s.* (નોઝ) નાંખ.
Feet, *s.* (ફીટ) પગો.

Was hurt, *v.* (વૉઝ હર્ત) ઈજા થઈ
Bled, *v.* (બ્લેદ) લોહી નિકળ્યું.
Roared, *a.* (રૉર્દ) બુમપાડી.
Pain, *s.* (પેન) દુઃખ; દરદ.
Bull, *s.* (બુલ) ગોધો; આખલો.
Heard, *v.* (હર્દ) સાંભળી હતી.

Though, *con.* (ધો) જોકે.
Through, *pre.* (થ્રુ) માંથી.
Doors, *s.* (દોર્સ) બારણાં.
Washed, *v.* (વૉશ્ડ) ધોયું.
Bound up, (બાઉન્ડ અપ) પાટો બાંધ્યો.
Put, *v.* (પુત) મુંક્યું.
Oil, *s.* (ઑઇલ) તેલ.
Pear, *s.* (પીઅર) પેર; જમરૂખ.
Comb, *s.* (કોમ્બ) માંજર; કલગી.
Hope, *v.* (હોપ) આશા રાખવી.
Sense, *s.* (સેન્સ) અક્કલ; બુદ્ધિ.
Grief, *s.* (ગ્રીફ) ગમ; દીલગીરી.
Brags, *v.* (બ્રૅગ્સ) પતરાજી કરે છે.

Ben ran up બેન ઉપર ચઢયો the four steps ચાર ફાંડિયા and looked down અને નિચે જોયું from the high place ઉંચી જગા પરથી on May મે ગમ with a smile હસીને. Just look હવે જો how I jump હું કેમ કુદકું, he cried once more તે બીજી વેળા બોલ્યો.

Ben બેન jumped down નિચે કુદયો the four steps ચાર ફાંડિયેથી but પણ, as you may think તમે ધારો તેમ, he came down તે નીચે પડયો on his nose પોતાના નાખ ઉપર, and અને not on his feet પોતાના પગ પર નહી. Oh અરે how કેવી his nose was hurt તેના નાખને ઈજા થઈ! how fast કેટલું જોસથી it bled તેમાંથી લોહી નિકળવા લાગ્યું.

Poor Ben roared બિચારા બેને બુમ પાડી with the pain દુખાવાથી. He roared loud તેણે મોટેથી બુમો પાડી he roared like a bull તેણે એક ગોધાની માફક બુમ પાડી. May ran મે દોડી ગઈ to help him up તેને મદદ કરી ઉઠાડવા and so અને તેમજ did aunt Jane જેન કાકી પણ મદદે આવી, who had heard જેણે સાંભળી હતી his loud roar તેની મોટી બુમ, though જોકે she was તે હતી in her own room તેણીના

પોતાના ઓરડામાં, with her door shut બંધ બારણે. She could have heard him તેણીએ તેને સાંભળ્યો હતે, through two or three doors બે ત્રણ બારણાંમાંથી.

Aunt Jane જેન કાકીએ washed Ben's poor nose બિચારાં બેનના નાખને ધોયું, and અને bound up his face તેના મોહોડાંપર પાટો બાંધ્યો, when she had put તેણીએ મુકવા પછી some oil on it તેપર કંઈક તેલ to make it well તે રૂઝવવા માટે. But પણ it did not get well તે સારૂં થયું નહી for a long time ઘણા દહાડા સુધી. The poor nose તે બિચારૂં નાખ was nearly as big લગભગ મોટું થયું as a pear એક જમરૂખના જેટલું, and as red અને લાલ as the comb of a cock મરઘાની માજરની માફક, for more than a week એક અઠવાડિયાંથી વધારે.

Do you not hope શું તમે આશા નથી રાખતાં that the pain taught Ben કે તે દરદથી બેન શિખ્યો to boast less થોડી ફિસીઆરી કરવા and અને to think more વધારે વિચાર કરવા. You see તમે જુઓછો that કે he was not yet તે હજી થયો નહી a wise boy ડાહ્યો છોકરો; though જોકે he was four years old તે ચાર વર્ષનો થયો તોપણ. We may hope આપણે આશા રાખીએ that કે poor Ben got more sense બિચારા બેનને વધારે અક્કલ આવી in his head તેના મગજમાં by the time વખતથી that he came to be five તે પાંચ વર્ષનો થયો.

Love not to talk વાત કરવા ચાહતા ના, Love not to boast પતરાજી કરવા ચાહતા ના; Grief comes to him તે દલગીરીમાં આવી પડેછે Who brags the most જે ઘણી બડાઈ કરેછે.

—o—

FRISK AND NED ફ્રિસ્ક અને નેદ.

Is worn out, *v.* (ઈઝ ઉવોર્ન આઉત) થાકી ગયોછે.
Brisk, *a.* (બ્રિસ્ક) ચપળ; ચાલાક; ઉદ્યોગી.
Ears, *s.* (ઈઅર્સ) કાન; કર્ન.
Touch, *v.* (તચ) અડકવું; લાગવું.
Wakes, *v.* (ઉવેક્સ) જાગેછે; ઉઠેછે.
Rubs, *v.* (રબ્સ) ચોળેછે.
Laugh, *s.* (લાફ) હસવું તે.
Brings, *v.* (બ્રિંગ્સ) લાવેછે. [કેના.
Hind, *a.* (હાઈન્દ) પાછલા; પછવા-
Begs, *v.* (બેગ્સ) માંગેછે.
While, *ad.* (ઉહ્‌વાઈલ) જ્યારે.
Throws, *v.* (થ્રોઝ) નાંખેછે.
Counts, *v.* (કાઉન્તસ) ગણેછે.

Ned has been at play નેદ રમ્યા કીધો, till ત્યાં સુધી he is quite worn out તે તદન થાકી ગયો.

He sits down તે બેઠોછે on the step કાંડિયાંપર at the door બારણા આગળ and અને soon goes to sleep જલદી ઊંઘાઈ જાયછે. His dog Frisk તેનો કુતરો ફ્રિસ્ક comes આવેછે and sits by him અને તેની પાસે બેસેછે.


The good dog તે ભલો કુતરો is as brisk ઉદ્યોગી છે as a bee મધમાખ જેવો. Look at him તેને જુવો, as he sits there કેવો તે ત્યાં બેઠોછે with his ears up પોતાના કાન ઉભા રાખી.

He seems to say, તે એમ કેહેતો જણાયછે, "I'll sit હું બેસીશ and keep watch અને ચોકી કરીશ while Ned sleeps નેદ ઉંઘાય છે ત્યાંસુધી. No one will dare કોઈ હિંમત ચલાવશે નહી to touch him તેને (હાથ) લગાડવાની as long as I am here હું અહિયાં છું ત્યાં સુધી."

Ned sleeps નેદ ઊંઘાયછે for half an hour અરધો કલાક; and when he wakes અને જ્યારે તે જાગેછે, he rubs his eyes તે પોતાનો આંખો ચોળેછે, and has a good laugh અને સારી પેરે હસેછે as he sees Frisk ફ્રિસ્કને જોઈને at his side પોતાની પાસે (બેઠેલો).

Now હવે he goes into the house તે ઘરમાં જાયછે; and brings out અને લાવેછે a bit of bread રોટલીનો કકડો for Frisk ફ્રિસ્કને સારૂ.

Then પછી on his two hind legs પોતાના બને પાછલા પગપર Frisk sits up ફ્રિસ્ક બેસેછે and begs અને માગેછે While Ned અને નેદ on his knees તેનાં ઘુટણપર counts one, two, three એક, બે, ત્રણ, ગણેછે. Then Frisk પછી ફ્રિસ્ક from his nose પોતાના નાક વાટે the bit of bread તે રોટલીનો કકડો throws પાછો કાહાડે છે, and અને Ned has a laugh નેદને હસવું આવેછે As up it goes જેવો તે ઉપર જતો રહેછે ત્યારે.



I will not hurt my little Dog

હું મારા નાના કુતરાને દુખ નહીં દેઉરા.

Stroke, *v.* (સ્ત્રોક) હાથ ફેરવવો; પસવારવું.

Pat, *v.* (પૅત) નુકશાન નહી થાય તેમ, ધિમેથી હાથેકરીને મારવું, થોકવું.

Wag, *v.* (વૅગ) હલાવવું.

Tail, *s.* (તેલ) પુછડી.

Useful, *a.* (યુસફુલ) ઉપયોગી.

Mind, *v.* (માઇન્દ) ધ્યાન આપવું.

Is bid, *v.* (ઈઝ બિડ) ફરમાવામાં આવેછે.

Treat, *v.* (ત્રીટ) વર્તવું; ચાળવું.

I will not hurt હું દુઃખ દઉરા નહીં my little dog મારા નાના કુતરાને, But પણ stroke and pat his head તેનું માથું થોકીને પસવારીશ; I like to see મને જોવા ગમેછે him wag his tale તેને પોતાની પુછડી હલાવતાં; I like to see મને જોવા ગમેછે him fed તેને ખાતો (ધરાયલો.)

Poor little thing ગરીબ નાની ચીજ; how very good કેટલો બધો ભલો And very useful અને ઘણોજ ઉપયોગી too વળી For કારણકે

don't you know તમે શું જાણતા નથી? that કે he will mind તે ધ્યાન ધરી કરશે What he is bid જે તેને ફરમાવવામાં આવે તે to do કરવા.

Then ત્યારે I will never hurt હું કદી ઇજા કરીશ નહીં my dog મારા કુતરાને, Nor ever અને કદી પણ નહીં give him pain તેને દુઃખ આપીશ But treat him kindly પણ માયાથી તેની સાથે વર્તિશ every day દરરોજ And અને he will love me again તે ફરીને મને ચાહશે.

——o——

THE LARK લાર્ક પક્ષિ.

Three, *a.* (થ્રી) ત્રણ.
Fields, *s.* (ફીલ્ડ્ઝ) ખેતરો.
Fine, *a.* (ફાઇન) સુંદર.
Short, *a.* (શૉર્ટ) ટુંકો; થોડો.
Heard, *v.* (હર્ડ) સાંભળ્યું.
Said, *v.* (સેદ) કહ્યું.
Wish, *s.* (વિશ) મરજી.
Sprang up, *v.* (સ્પ્રૅંગ અપ) કુદ્યો; ઉઠી ઉભો થયો.
Just in time, બરોબર વખતસર.
Rose, *v.* (રોઝ) ઉપર ગયો; ઉડ્યો.
Just then, પછી તરત.
Stone, *s.* (સ્ટોન) પથર.
Meant, *v.* (મેન્ટ) ધારણા હતી.
Mean, *v.* (મીન) ધારેછે.
Harm, *s.* (હાર્મ) ખોટું; નુકશાન.
Aim, *v.* (એમ) તાકવું.
Shame, *s.* (શેમ) શરમ.
Ill, *s.* (ઇલ) ઇજા; નુકશાન.
Glad, *a.* (ગ્લૅડ) ખુશી.

Three boys ત્રણ છોકરાઓ Dick, Sam, and Ned ડિક, સૅમ, અને નેદ went out to play રમવા ગયા in the fields ખેતરોમાં, and fine fun અને અછી મઝા they had તેમને મલી.

As they sat down જ્યારે તેઓ બેઠા to rest થાક લેવા for a short time થોડો વખત, they heard a lark sing કે તેઓએ એક લાર્ક પક્ષિને ગાતાં સાંભળ્યો.

"How well કેવું સુંદર he sings તે ગાયછે." said Dick ડિકે કહ્યું.

"He must be તે હોવો જોઈયે quite close to us આપણી છેક પાસે I think હું ધારૂં છું" said Sam સૅમે કહ્યું. "I should like to see him મને તેને જોવોછે" said Ned નેદે કહ્યું.

"There he is તે પેલો રહ્યો then ત્યારે," said Sam સૅમ બોલ્યો; "so જેથી you can soon have your wish તમારી ઇચ્છા જલદીથી બર આવશે."

"Where ક્યાં" said Dick દિકે કહ્યું and up he sprang અને તે ઉઠી ઉભો થયો, just in time વખત સર to see the lark તે લાર્ક પક્ષિને જોવા as he rose જેવો તે ઉડયો once more ફરીથી high up in the air ઊંચે હવામાં. See જો, there he is તે ત્યાં છે, as he sings તે ગાયછે ત્યારે his sweet song તેનું મધુર ગાયણ to the boys છોકરાઓ આગળ.

Just then પછી તરત Dick saw દિકે જોયું that કે Ned had a small stone નેદે નાનો પથરો લીધો હતો in his hand પોતાના હાથમાં. Dick thought દિકે વિચાર્યું that કે he meant તેની ધારણા હતી to throw it તે ફેંકવાની at the poor lark બિચારા લાર્ક પક્ષિ તરફ. So he said તેથી તે બોલ્યો, "Ned નેદ do you mean શું તું ધારેછે to throw that stone તે ફતર ફેંકવા at him તેના ભણી ?"

"Yes હા, why not નહીં કાંય ? what harm શું ખોટું would there be એમાં થશે" said Ned નેદ બોલ્યો." I want you to see મારે તમને દેખાડવું છે how well કેવો બરાબર I can aim હું તાકી શકુંછું."

"For shame શરમનેખાતર Ned નેદ" said Dick દિકે કહ્યું. "Throw down નાખી દે the stone ફતર. Why should you want તારે શા-માટે જોઇયે to kill the poor bird તે બિચારા પક્ષિને મારવો, that sings જે ગાય છે so sweet a song આવું મધુર ગાયણ to us આપણી આ-ગળ? If you like જો તારી મરજી હોય તો I will soon show you

હું તને જલદીથી દેખાડીશ that કે I can aim હું તાંકી શકુંછું quite as well તેવીજ બરાબર રીતે as you can તું તાંકી શકેછે તેમ. But પણ I should not like મારે પસંદ નહીં કરવું જોઇયે to aim to do ill નુકશાન કરવા માટે તાકવું." This made એથી આવ્યું both Ned and Sam નેદ અને સૅમને laugh હસવું and Ned ને નેદે threw down the stone ફતર હેઠે નાંખી દીધો.

The lark લાર્ક પક્ષિએ went on with his song પોતાનું ગાયણ ગાયા કીધું; Ned said નેદે કહ્યું "I do like મને ભાવેછે to hear the lark લાર્ક પક્ષિને સાંભળવા sing ગાતાં; how glad I am હું કેટલો ખુશી છું that કે I did not try મેં કોશેશ નહીં કીધી to kill him તેને મારી નાખવાની."

———o———

Mary's little Lamb મેરીનો નાનો મેંઢો.

Lamb, *s.* (લૅમ્બ) મેંઢાનું બચું.
Fleece, *s.* (ફલીસ) એકજ વખતે કાતરેલું ઉન.
White, *a.* (ઉવાઇત) સફેદ.
Snow, *s.* (સ્નો) બરફ.
Every-where, જ્યાં જ્યાં; દરેક ઠેકાણે.
Sure, *a.* (સ્યૉર) ખચીત.
Followed, *v.* (ફૉલોદ) પાછળ-પુઠે ગયું.
Against, *pre.* (અગેન્સ્ત) વિરૂદ્ધ.
Rule, *s.* (રૂલ) કાયદો.
Teacher, *s.* (તીચર) શિક્ષક, ગુરૂ.
Therefore, *ad.* (ધેરફોર) તેટલા સારૂં.
Turned (out), *v.* (તર્ન્દ) કાઢી મુક્યું.
Lingered, *v.* (લિંગર્દ) ફર્યા કીધો.
About, *ad.* (અબાઉત) આંહીંતહીં.
Till, *ad.* (તીલ) ત્યાંસુધી; ત્યાંવેર.
Appear, *v.* (ઍપીઅર) દેખાવું.
At once, એકદમ.
Laid, *v.* (લેડ) મુક્યું.
Head, *s.* (હેદ) માથું.
Arm, *s.* (આર્મ) હાથ.
Afraid, *a.* (અફ્રેદ) બિહવેલું.
Children, *s.* (ચિલ્દ્રન) છોકરાં.
Did reply, *v.* (દિદ રિપ્લાઇ) જવાબ દીધો.

Mary had મેરી પાસ હતો a little lamb એક નાનો મેંઢો; His fleece તેનું ઊન was white સફેદ હતું as snow બરફ જેવું; And everywhere અને દરએક ઠેકાણે that Mary went જ્યાં મેરી જતી હતી The lamb તે મેંઢો was sure to go ખચ્ચીત જતો હતો.

He followed her તે તેણીની પુઠે ગયો to school નિશાળે one day એક દિવસ—That was આ હતું against the rule કાયદાની વિરૂધ; It made the children laugh જેથી છોકરાંઓને હસવું આવ્યું and play અને રમત મલી, To see જોઇને a lamb એક નાના મેંઢાને at school નિશાળે.

The teacher શિક્ષકે therefore તેટલાસારૂં turned him out તેને બાહેર કાઢી મુક્યો, But still પણ તે છતાંપી he lingered near તે નજદીકમાં ફરયા કીધો. And અને on the grass ઘાસપર he played about તે અહીંતહીં રમ્યા કીધો Till Mary did appear મેરી (પાછી) દેખાઈ ત્યાં લગણ.

At once એકદમ he ran to her તે તેણીની પાસ દોડી ગયો, and laid અને મુક્યું His head પોતાનું માથું upon her arm તેણીના હાથપર, As if to say જાણે એમ કેહેતો હોયની I'm not afraid હું બિહધેલો નથી—You will keep me તું મને સંભાળશે from all harm સઘળાં સંકટમાંથી.

What makes the lamb શાથી તે નાનો મેંઢો love Mary so મેરીને એટલો ચાહેછે? The little children cry તે નાના છોકરાં બોલેછે "Oh ઓહો! Mary loves the lamb મેરી તે નાના મેંઢાપર પ્યાર રાખેછે you know તમે જાણોછો," The teacher શિક્ષકે did reply જવાબ દીધો.


—0—

One Thing at a time એકેકી વખત એકેકી ચીજ.

Work, *v.* (ઉવર્ક) કામ કરો.
Cheerful, *a.* (ચીઅરફુલ) ખુશ.
Gay, *a.* (ગે) મઘન; ખુશાલ.
Might, *s.* (માઇત) બળ; જોર.
Halves, *s.* (હા૦ઝ) અર્ધાં.
Right, *a.* (રાઇત) બરાબર.
Many, *s.* (મૅની) ઘણા લોક.
Moments, *s.* (મોમેન્તસ) પળ; ક્ષણ.
Useless, *a.* (યુસલેસ) નકામા, નીરૂપયોગી.
Trifled away, *v.* (ત્રાઇફલ્દઅવે) નકામું કાઢવું; ગુમાવવું.

Work કામ કરો, while you work તમે કામે હોવો ત્યારે play રમો while you play તમે રમતા હોવો ત્યારે, That is the way એજ રીત છે to be cheerful and gay ખુશ અને મઘન રેહેવાની. All that you do જે સઘળું તમે કરો, do કરો with your might તમારી શક્તિ પ્રમાણે Things done by halves અર્ધાં કીધેલાં કામો are never done right કદી બરાબર થતાં નથી.

One thing એકેકી ચીજ at a time એકેકી વખતે, and that અને તે done well બરાબર થયલી Is છે a very good rule ઘણો સારો કાયદો, as જેમ many can tell ઘણા લોકો કહેછે તેમ. Moments are useless પળો નકામી જાયછે trifled away ગુમાવેલી; So માટે work કામ કરો, while you work તમે કામ કર્તા હો ત્યારે, play રમો while you play રમતાહો ત્યારે.



Nursery Rhymes.

છોકરાંઓની પરવરસી કરવાના ઠેકાણાંની કવિતા.

Nursery, *s.* (નર્સરી) બચ્ચાંની પરવરસીનું ઠેકાણું.
Rhymes, *s.* (રાઇમ્ઝ) કવિતા.
Woman, *s.* (ઉમન) બેરી; સ્ત્રી.
Shoe, *s.* (શુ) જોડા; પગરખું.
Gave, *v.* (ગેવ) આપ્યું.

Broth, *s.* (બ્રૉથ) સેરવો; રસ.
Whipped, *v.* (ઉિહ્પ્ડ) ચાબકે માર્યું.
